સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ



# વિવેકના સ્વામી દેવાત્મા શ્રીરામ

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

સમસ્યાઓ દરેક મનુષ્યના જીવનમાં આવે છે. પરંતુ એવી સમસ્યાઓની વચ્ચે આપણા મનમાં તરત જ નકારાત્મક ભાવ ઉત્પન્ન થઈ જાય છે અથવા તરત જ આપણે કોઈને દોષિત સાબિત કરવાના પ્રયત્નોમાં લાગી જઈએ છીએ કે આ વ્યક્તિને કારણે આમ બન્યું છે. પરંતુ શ્રીરામના જીવનમાં પણ અનેક સમસ્યાઓ આવી, છતાં એવી પરિસ્થિતિઓમાં પણ શ્રીરામે કેટલી સ્વસ્થતા અને સકારાત્મકતા સાથે પરિસ્થિતિઓને સંભાળી લીધી\! આ વાત ફક્ત કથાયોગ્ય જ નહીં, પરંતુ આચરણયોગ્ય પણ છે. એમણે કોઈ પણ સમસ્યા માટે કોઈ એકને પણ દોષિત ઠરાવ્યા નથી કે રાવણને કારણે આમ થયું અથવા મંથરાને કારણે આમ થયું અથવા કૈકેયીએ આમ કેમ કર્યું. આવી કોઈ પણ પરિસ્થિતિમાં નકારાત્મક મનોવૃત્તિથી કાર્ય કર્યું નથી. હંમેશાં સમાધાનકારી રહ્યા અને દરેક સમસ્યાનું સમાધાન કરતા ગયા. કોઈ પણ પરિસ્થિતિમાં તણાવગ્રસ્ત બનીને ન તો કોઈ નિર્ણય લીધો કે ન કોઈ કાર્ય-વ્યવહાર કર્યો.

પ્રત્યેક માનવીની અંદર રામ અને રાવણ બંને બેઠેલા હોય છે. રામ મહાન છે. રાવણ પામર છે. પરંતુ એની પામરતાનો થોડોક અંશ આપણાં સૌમાં પણ પડેલો હોય છે. જો મનુષ્યની અંદર ફક્ત રામતત્ત્વ જ હોત, તો રામકથા રસવિહીન બની જાત. રામાયણમાં રાવણ એક એવું પાત્ર છે, જેમાં અનેક પ્રકારની નકારાત્મક વૃત્તિઓ છે અને તેને નષ્ટ કરવા માટે દશરથના પુત્ર શ્રીરામે જન્મ લેવો પડ્યો. એ જન્મદિનને આપણે 'રામનવમી' તરીકે ઉજવતા આવ્યા છીએ. પરંતુ હકીકતમાં જોઈએ તો આ સંસારમાં મુખ્ય 'રામ'નાં ત્રણ સ્વરૂપો છે. 'એક રામ દશરથ કા બેટા, દૂજા રામ ઘટઘટ મેં લેટા (આત્માને પણ રામ કહેવામાં આવે છે), ઔર તીસરા રામ જગ સે ન્યારા' (સંસારથી ન્યારા પરમાત્માને પણ રામ કહેવામાં આવે છે). આ ત્રણેય 'રામ'ની વાતોને એકમેકમાં ભેળવી દેવામાં આવી છે. સતયુગ અને ત્રેતાયુગમાં કોઈ પણ પ્રકારના નકારાત્મક વ્યક્તિત્વનું કોઈ સ્થાન નથી, હકીકતમાં આ સત્ય વાત આત્મા-રામ અને પરમાત્મા-રામ વચ્ચે છે.



આત્મારામ આધ્યાત્મિકતાનો–ઈશ્વરીય જ્ઞાનનો–સાથ લે, તો પોતાની સ્વસ્થ મનોવૃત્તિના આધારે કઠિનમાં કઠિન પરિસ્થિતિઓ પણ દૂર કરી શકે છે. રામાયણમાં આ રહસ્યને સ્પષ્ટ કરતાં સમજાવ્યું છે કે દૈવી તત્ત્વ અને આસુરી તત્ત્વ વચ્ચે હંમેશાં યુદ્ધ ચાલતું આવ્યું છે. આત્મારામના જીવનમાં પણ આ સંઘર્ષનો દોર આવ્યો. સંઘર્ષ સત્કર્મ અને દુષ્કર્મની સાથે ખેલાતો આવ્યો.

પ્રત્યેક વ્યક્તિમાં સદ્ગુણો પણ છે, તો દુર્ગુણો પણ છે, ક્યારેક એવી સ્થિતિ સામે આવે છે, ત્યારે નકારાત્મકતાનો પ્રભાવ વધી જાય છે અને સકારાત્મકતા પર ચઢાઈ કરે છે. સકારાત્મકતાને પરાસ્ત કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ શ્રીરામ અર્થાત્ પોતાનામાં રહેલા સદ્ગુણોને જાગૃત કરવા માટે જીવનમાં જ્યારે પણ કોઈ અવગુણરૂપી નકારાત્મકતા આવે, ત્યારે તેની સામે લલકાર કરવો જોઈએ.

આજની દુનિયામાં પણ શું થઈ રહ્યું છે? અપહરણના કિસ્સાઓ બની રહ્યા છે. તે સમયે પણ એવી પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે કે કેવી રીતે અપહરણ કરવામાં આવ્યું. આજના અહંકારી મનુષ્યની જેમ તે સમયે પણ રાવણને અહંકારી તથા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારયુક્ત દર્શાવવામાં આવ્યો છે. તેને ઈર્ષ્યા અને દ્વેષથી પૂર્ણ બતાવવામાં આવ્યો છે. જે પરિસ્થિતિઓ રામાયણમાં દર્શાવી છે, તે વર્તમાન સમયે પણ છે. એટલે આપણે આપણા સંબંધો કઈ રીતે કુશળતાપૂર્વક નિભાવવાના છે, એની સ્પષ્ટતા રામાયણના મહાકાવ્ય દ્વારા પ્રાપ્ત થાય છે. કેવી રીતે આપણે આદર્શ વ્યવહાર સ્થાપિત કરી શકીએ, એની સત્યવત્ સમજ રામાયણ પ્રદાન કરે છે. ભારતમાં રામરાજ્યની સ્થાપના થાય, એવું મહાત્મા ગાંધીજી પણ ઈચ્છતા હતા. પરંતુ રામરાજ્યની સ્થાપનાનું એમનું સ્વપ્ન અધૂરું રહ્યું. વાસ્તવમાં રામરાજ્યની સ્થાપના નિરાકાર રામ અર્થાત્ પરમપિતા પરમાત્મા શિવે કરી હતી. કળિયુગના અંતે ધર્મગ્લાનિના સમયે પરમાત્મા શિવ સ્વયં આ ધરા પર અવતરિત થઈ, ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગના અભ્યાસ દ્વારા પવિત્ર બનેલા મનુષ્યાત્માઓ જ રામરાજ્યના અધિકારી બને છે. શ્રીરામ દ્વારા શિવધનુષ તોડવાનો વાસ્તવમાં અર્થ એ જ છે કે ધનુષ પુરુષાર્થનું અથવા વીરતાનું પ્રતીક છે. શ્રીરામને ધનુષધારી એટલા માટે બતાવવામાં આવ્યા છે કે શ્રીરામ અનંતકાળ સુધી આસુરી પ્રવૃત્તિઓ સાથે યુદ્ધ કરતા રહ્યા અને યુદ્ધના ફળસ્વરૂપે શ્રીરામને રામરાજ્ય પ્રાપ્ત થયું. મહિમા પણ છે કે શ્રીરામે પૂર્વજન્મમાં પરમપિતા પરમાત્મા શિવની પૂજા કરી હતી. રામેશ્વર અર્થાત્ રામના પણ ઈશ્વર શિવ, નિરાકાર જ્યોતિર્બિંદુ પરમાત્મા છે.

> **પ્રત્યેક વ્યક્તિમાં સદ્ગુણો પણ છે, તો દુર્ગુણો પણ છે, ક્યારેક એવી સ્થિતિ સામે આવે છે, ત્યારે નકારાત્મકતાનો પ્રભાવ વધી જાય છે અને સકારાત્મકતા પર ચઢાઈ કરે છે**

આવો મિત્રો, આપણે પોતાની જાતમાં વિશ્વાસ મૂકીએ, પરમાત્મા રામમાં વિશ્વાસ મૂકીએ, તો આપણા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહીશું. પરમાત્માની શક્તિના સહારે આપણે પણ વિવેકપૂર્ણ બનતા જઈશું. મનુષ્યમાંથી દેવતુલ્ય બનીને રામરાજ્યની દુનિયાના અધિકારી બનીએ. એવી શુભ ભાવના, શુભ કામના સાથે.

ૐ શાંતિ...



# પરિવારની આધારશિલા

જીવનની વચ્ચોવચ્ચ
શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

રોજ અનેક લોકો મળવા આવે છે. વાતોનો વિષય જુદો હોય છે, વ્યક્તિઓ જુદી હોય છે પરંતુ વાતચીત આગળ વધે તેમ એક વાત વારંવાર સામે આવે છેઃ 'પરિવારની સમસ્યાઓ અને સંબંધોની ગૂંચવણો'. કોઈને સંતાનો સાથે મનમેળ નથી, કોઈને પતિ-પત્ની વચ્ચે વધતાં અંતરની ચિંતા છે તો કોઈને વૃદ્ધ માતા-પિતાની અવગણનાનું દુઃખ છે. ક્યાંક નાની વાત મોટું સ્વરૂપ ધારણ કરે છે તો ક્યાંક વર્ષો જૂના સંબંધ અહંકારની એક ક્ષણમાં ઘવાઈ ગયા હોય છે. આ બધું સાંભળતા લાગે છે કે ધન, સત્તા, કીર્તિ બધું હોય પણ પરિવારમાં દુઃખ હશે તો આ એકેય વસ્તુ કામ લાગે તેમ નથી.

પરિવાર એટલે માત્ર એક છત નીચે રહેતાં માણસોનો સમૂહ નહીં પરંતુ એકબીજાના હૃદયમાં વસતાં સંબંધોનું જીવંત વિશ્વ. મકાન ઈંટો અને સિમેન્ટથી બને છે પણ ઘર પ્રેમ, હૂંફ અને લાગણીથી બને છે. મકાનમાં રહેવા માટે જગ્યા જોઈએ પરંતુ ઘરમાં જીવવા માટે લાગણી જોઈએ. દીવાલો આપણને તડકો અને વરસાદથી બચાવે છે જ્યારે પરિવારની હૂંફ જીવનનાં તાપ અને તોફાનથી બચાવે છે.

આજના યુગમાં ઘરમાં મોંઘા સોફા છે, વિશાળ ટીવી છે, દરેકના હાથમાં સ્માર્ટફોન છે પરંતુ ક્યારેક એકબીજા સાથે બેસીને વાત કરવાનો સમય નથી. ભોજનની થાળી એક જ ટેબલ પર હોય છે પણ મનના રસ્તા અલગ-અલગ થઈ ગયા હોય છે. સૌ એકબીજાની નજીક બેઠાં હોય છે, છતાં હૃદય વચ્ચે અંતર વધી જાય છે. આ આધુનિક પરિવારની એક વિચિત્ર વાસ્તવિકતા છે.

પરિવારની સાચી સમૃદ્ધિ બેંક બેલેન્સથી નક્કી થતી નથી; પરિવારના સભ્યો એકબીજાનાં દુઃખમાં કેટલા સહભાગી બને છે તેનાથી નક્કી થાય છે. જે ઘરમાં વૃદ્ધ માતા-પિતાની વાત ધીરજથી સાંભળવામાં આવે, બાળકોના પ્રશ્નોને પ્રેમથી સમજવામાં આવે, પતિ-પત્ની એકબીજાની મર્યાદાઓનો સ્વીકાર કરે અને ભૂલ થાય ત્યારે અપમાનને બદલે સમજણથી કામ લેવામાં આવે, તે ઘર ખરેખર સમૃદ્ધ છે. સંપત્તિ ઘરને સુવિધા આપે છે પરંતુ સંવેદના તેને સ્વર્ગ બનાવે છે.

પ્રેમનો અર્થ માત્ર 'હું તને પ્રેમ કરું છું' એવું કહેવું નથી. પ્રેમ એટલે કોઈ થાકેલું હોય ત્યારે તેની થાકેલી આંખોને ઓળખી લેવી. કોઈ ઉદાસ હોય ત્યારે તેના મૌનને સાંભળવું. કોઈ ભૂલ કરે ત્યારે તેને તેની ભૂલ કરતાં મોટો ન માનવો. પ્રેમ એટલે સામેની વ્યક્તિને પોતાની ઈચ્છા પ્રમાણે ઘડવાનો આગ્રહ નહીં પરંતુ તેની વિશિષ્ટતાને સમજવાનો પ્રયાસ. સાચો પ્રેમ અધિકાર કરતાં સ્વીકારમાં અને અપેક્ષા કરતાં સમર્પણમાં વધુ વ્યક્ત થાય છે. હૂંફની પણ એક વિશિષ્ટ ભાષા હોય છે. માતાના હાથનો સ્પર્શ, પિતાની ચિંતાભરી નજર, દાદા-દાદીની વાતોમાંથી વહેતો અનુભવ અને ભાઈ-બહેનની નિખાલસ મજાક, આ બધું જીવનની એવી મૂડી છે, જેની કિંમત બજારમાં નક્કી થઈ શકતી નથી. બાળપણમાં બાળકને રમકડાં કરતાં માતા-પિતાનો સમય વધુ યાદ રહી શકે છે. વૃદ્ધાવસ્થામાં માણસને ભેટ કરતાં કોઈ પોતાનું માણસ પાસે બેસીને બે પ્રેમાળ શબ્દો કહે, તેનું મહત્ત્વ વધુ હોય છે.

> **પરિવારની સાચી સમૃદ્ધિ બેંક બેલેન્સથી નક્કી થતી નથી; પરિવારના સભ્યો એકબીજાનાં દુઃખમાં કેટલા સહભાગી બને છે તેનાથી નક્કી થાય છે. સંપત્તિ ઘરને સુવિધા આપે છે પરંતુ સંવેદના તેને સ્વર્ગ બનાવે છે**

મહંત સ્વામી મહારાજ કહે છે કે "પરિવારમાં મતભેદ થવા સ્વાભાવિક છે. જ્યાં બે વ્યક્તિઓ છે ત્યાં વિચારોમાં ભિન્નતા હોવાની જ પરંતુ મતભેદને મનભેદ બનવા દેવો એ સંબંધોની સૌથી મોટી કરુણતા છે. દરેક ચર્ચામાં જીતવું જરૂરી નથી; ક્યારેક સંબંધને જીતાડવા માટે પોતાના અહંકારને હારવા દેવો પડે છે. માફી માગવાથી માણસ નાનો થતો નથી અને માફ કરવાથી બીજાની ભૂલ યોગ્ય ઠરતી નથી. માફી સંબંધને ફરી શ્વાસ લેવાની તક આપે છે. પરિવારનું સૌંદર્ય એમાં નથી કે ત્યાં ક્યારેય ઝઘડો ન થાય પરંતુ એમાં છે કે ઝઘડા પછી પણ પ્રેમના દરવાજા બંધ ન થાય." આજના સમયમાં બાળકોને સારી શાળા, ઉત્તમ શિક્ષણ અને ઉજ્જવળ કારકિર્દી આપવાની ચિંતા જરૂરી છે પરંતુ તેમની અંદર કરુણા, કૃતજ્ઞતા, સહનશીલતા અને વડીલો પ્રત્યે આદરની ભાવના કેળવવી પણ એટલી જ જરૂરી છે. બાળકોને નૈતિકતાના પાઠ ભણાવવા કરતાં માતા-પિતાએ પોતાના વર્તન દ્વારા તે મૂલ્યો જીવવા જોઈએ. બાળક ઘરમાં જે જુએ છે, તેનાં મન પર ઘણી વાર આપણે જે કહીએ છીએ તેના કરતાં વધુ ઊંડી અસર કરે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ કહીએ તો જે ઘરમાં સેવા છે, ત્યાં પ્રેમને અભિવ્યક્તિ મળે છે. જ્યાં ત્યાગ છે, ત્યાં સંબંધોને ઊંડાણ મળે છે. જ્યાં ભગવાનનું સ્મરણ છે, ત્યાં અહંકારને ઓગળવાની અને પરસ્પર સમજણને વિકસવાની તક મળે છે. જ્યાં નિત્ય પ્રાર્થના અને પૂજા છે ત્યાં સંબંધોને જોડી દેવાનું બળ મળતું રહે છે.